શ્રી. એ.એન.તલસાણીયા,કમિશ્નર વર્કમેન કોમ્પેનશેસન એકટ,મજુર અદાલત,ભુજ—કચ્છ.

વ.કો.(ફેટલ) અરજી નં. ૨૨/૨૦૧૦

૧. મોંઘીબેન વા/ઓ પ્રેમજીભાઈ પટેલ,
ઉ.વ. ૩૮, ધંધો—ઘરકામ.

૨. પ્રભુભાઈ સન/ઓ પ્રેમજીભાઈ પટેલ,
ઉ.વ. ૨૦, ધંધો—અભ્યાસ.

૩. હર્ષદ સન/ઓ પ્રેમજીભાઈ પટેલ,
ઉ.વ. ૧૮, ધંધો—અભ્યાસ.
રહે :— તમામ ગામ—રવ મોટી,
તા. રાપર—કચ્છ. અરજદાર.
...

<u>વિરૂધ્ધ</u>

૧. શ્રી. જયેરામ ગણેશા પટેલ,
ઉ.વ. પુખ્ત, ધંધો—ટ્રાન્સપોર્ટ,
રહે—સુવર્ણ પસરીયા ચાલ, રૂમ નં. ૬,
ચેતન એપાર્ટમેન્ટની પાછળ,
કરવાલીનગર,
થાણે (વેસ્ટ) મહારાષ્ટ્ર—૪૦૦૭૦૧.

૨. નેશનલ ઈન્સ્યોરન્સ કું. લી.
ડીવીઝનલ ઓફીસ નં. શઅયયયય (૨૬૦૯૦૦)
જય કોમર્શીયલ કોમ્પલેક્ષ, પ્રથમ માળ,
પુંજાણી ઈન્ડસ્ટ્રીઝ સામે, પોખરણ રોડ નં. ૧,
થાણે (વેસ્ટ) ૪૦૦૬૦૧. સામાવાળા
....

હાજર રહયા :— અરજદાર તરફે :— શ્રી. વી.એન.ગઢવી, એડવોકેટ.

## સામાવાળા નં. ૧–૨ તરફે :– ગેરહાજર

### હુકમ

૧. આ કામના અરજદારે સામાવાળા વિરૂધ્ધ કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની ર કમરૂા. ૩,૬૮,૩૪૦/– (અંકે રૂા. ત્રણ લાખ, અડસઠ હજાર, ત્રણસો ચાલીસ પુરા), રૂા. ૫૦૦ ૦૦/–
(અંકે રૂા. પચાસ હજાર)મેડીકલ ખર્ચ,રૂા.૫૦૦૦/–અંતિમવિધિ ખર્ચ મળીને કુલ્લે રૂા.૪,ર૩,૩ ૪૦/–( અંકે રૂા. ચાર લાખ, ત્રેવીસ હજાર, ત્રણસો ચાલીસ પુરા) ૧ર % વ્યાજ સહીત વસુલ મે ળવવા
દાખલ કરેલી છે. જેની ટુંકમા હકીકત એવી છે કે, ગુજરનાર પ્રેમજીભાઈ મુળજીભાઈ પટેલ અરજદાર નં. ૧ ના પતિ તથા અરજદાર નં. ર તથા નં. ૩ ના પિતા થતા હતા. ગુજરનાર પ્રેમજીભાઈ આ કામના સામાવાળા નં. ૧ ની માલીકીના ટેમ્પા નં. એમએચ.૦૪.યુજી.૩૧૭૧ માં ડ્રાઈવર તરીકે સામાવાળા નં. ૧ ની સુચનાથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. ગુજરનાર પ્રેમજીભાઈ તા. ૧/૫/૦૯ ના રોજ પોતાની ડ્રાઈવર તરીકેની ફરજ પર હતા ત્યારે ધ્રાંગધ્રા અમદાવાદ હાઈવે રોડ પર અકસ્માત થતાં ગુજરનારનું ગંભીર ઈજાઓના કારણે તા. ૧૩/૦૬/૦ ૯
ના રોજ મૃત્યુ થયેલ. ગુજરનારનું ચાલુ ફરજે મૃત્યુ થયેલ હોવાથી આ કામના સામાવાળા વળતર ચુકવવા જવાબદાર છે તેમ જણાંવી અકસ્માત વળતરની રકમ રૂા.૩,૬૮,૩૪૦/– (અંકે રૂા. ત્રણ

લાખ, અડસઠ હજાર, ત્રણસો ચાલીસ પુરા) અકસ્માત તારીખથી ૧ર % ના દરે સામાવાળા ચુકવ ી આપે તેવી દાદ માંગેલ છે.

ર. આ કામમાં અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી સ્થાનિક જગ્યાનું પંચનામુ, ડીસ્ચાર્જ કાર્ડ, ઈન્કવેસ્ટ પંચનામુ, પી.એમ.રીપોર્ટ, મૃત્યુનું પ્રમાણપત્ર, કચ્છઉદય દૈનિક પેપર, સામાવાળા નં. ૧
તથા નં. ર ને કરેલ નોટીસની સ્લિપ, નોટીસની પાવતી, આર.સી.બુક, વિમાપોલીસી, ડ્રાઈવીંગ લાયસન્સ વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૩. અરજદાર તરફથી સદર વળતર અરજી દાખલ કરવામાં આવ્યા બાદ પક્ષકારોને આંક–૬ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવી હતી. જે નોટીસ સામાવાળા નં. ૧ને નોટીસ બજયા વગર કવ ર પરત આવેલ છે. આંક–૯ થી અરજદાર તરફે અરજી આપી સામાવાળા નં. ૧ ને નોટીસ હાથો હાથ
બજાવવા માટે વિનંતી કરેલ છે. અરજદારની આંક–૯ ની અરજી અન્વયે સામાવાળાને હાથોહાથ

નોટીસ બજાવવા સારૂં આપવામાં આવેલ છે. ત્યારપછી પણ સામાવાળા નં.૧ ને નોટીસ બજવણી

થયેલ નથી. અરજદાર તરફથી સામાવાળાને નોટીસ બજવણી માટે નવું સરનામુ રજુ કરીને અથવા અન્ય કોઈ રીતે બજવણી કરવા સારૂં પ્રયત્ન કરવામાં આવેલ નથી. આ રીતે નોટીસ બજવણીના સ્ટેજ પર આ કેસ વિલંબીત થઈ રહેલ છે. અરજદાર મુદતોમાં હાજર રહેલ નથી અને કેસ આગ ળ ચલાવવા પ્રયત્ન કરેલ નથી. તેથી તેઓને આ કેસ ચલાવવામાં રસ ન હોવાનું માનવાને કારણ ર હે છે. આથી અરજદારની કસુરના કારણે કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટ/ચાલવા પરથીરદ કરવામાં અ ાવે છે.

ઉપરોકત હકીકતો અને સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

—: <u>હુકમ</u> :—

૧. અરજદારની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સ્થળ :— ગાંધીધામ
તા. ૦૩/૦૬/૨૦૧૬

(અજયકુમાર નટવરલાલ તલસાણીયા)
જી.જે. ૦૦૭૯૦
કમિશ્નર ફોર
વર્કમેન કોમ્પેનશેસન એકટ
એન્ડ જજ, લેબરકોર્ટ
ગાંધીધામ—કચ્છ.